ગુરુકુળ હોસ્ટેલમાં ડુંગળી લાવતા રેક્ટરે વિદ્યાર્થીને ઢીબી નાંખ્યો

રેક્ટર સહિત બે વ્યક્તિઓ વિરૂદ્ધ ગડદાપાટુનો માર માર્યા બદલ પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા. ૨૯

શહેરની સેક્ટર-૨૪ સ્વામિનારાયણ ગુરૂકુળ હોસ્ટેલમાં ગઈકાલે સાંજે એક વિદ્યાર્થી ડુંગળી લઈને આવ્યો હોવાનું ધ્યાને આવતા હોસ્ટેલના રેક્ટર સહિત બે વ્યક્તિઓએ તે વિદ્યાર્થીને ધોઈ નાંખ્યો હતો. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીએ સારવાર લઈને રેક્ટર સહિત બન્ને વિરૂદ્ધ સેક્ટર-૨૧ પોલીસમથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કલમ-૩૨૩ ગતરોજ ગુનો દાખલ કરી સઘન કાર્યવાહી શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪માં આવેલી સ્વામિનારાયણ ગુરૂકુળ હોસ્ટેલમાં રહેતો વિદ્યાર્થી ઉત્સવ પ્રહલાદભાઈ મનાત ગઈકાલે સાંજે હોસ્ટેલમાં ડુંગળી લઈને આવ્યો હતો. રેક્ટર પ્રકાશભાઈને આ બાબતની જાણ થતા વિદ્યાર્થી ઉત્સવને તડકાવી મુક્યો હતો કે ડુંગળી હોસ્ટેલમાં કેમ લાવ્યો ? વિદ્યાર્થીએ સહજ રીતે જવાબ આપ્યો કે ડુંગળી ખાવા માટે લાવ્યો છું. જવાબ સાંભળ્યા બાદ અકળાઈ ઉઠેલા રેક્ટર પ્રકાશભાઈ તથા અન્ય એક વ્યક્તિ પ્રતાપભાઈ વિદ્યાર્થી જાણે દારૂની બોટલ હોસ્પેટલમાં લઈ આવ્યો હોય તેમ તેની પર તુટી પડ્યા હતા અને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીએ સારવાર લીધા બાદ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને રેક્ટર સહિત બન્ને વિરૂદ્ધ સે. ૨૧ પોલીસમથકે ફરીયાદ નોંધાવતા જમાદાર પ્રવિણસિંહે તપાસનો દોર શરૂ કર્યો છે.

ગાંધીનગરના મુખ્ય માર્ગો પર ગટરલાઈનનાં ઢાંકણ તૂટી જવાથી ગટરો આવી રીતે ખુલ્લી દશામાં ને જોખમી હાલતમાં મરામતની રાહ જોઈ રહી છે. (તસવીર : દિપક જાની)

ટ્રાફિક પોલીસે શાહપુર ચોકડી પાસેથી પશુ ભરેલી મિની ટ્રક ઝડપી પાડી

ગાંધીનગર, તા. ૨૯

ટ્રાફિક પોલીસ દ્વારા વાહનોના સઘન ચેકીંગની કામગીરી કરવામાં આવી રહી હતી. તે સમયે શાહપુર ચોકડી પાસેથી પશુ ભરેલી મીનીટ્રક પસાર થતા તેમાં તપાસ કરતા ત્રણ ભેંસો અને એક પાડુ સહિત ચાર પશુઓને અત્યંત ક્રૂર રીતે બાંધીને રાખવામાં આવ્યા હતા. બહિયલથી કડી ખાતે આ પશુઓને લઈ જવાતા હોવાનું પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું હતું. પરમીટ વગર પશુઓની હેરાફેરીના ગુનામાં ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર શાહપુર તરફથી આવતી જીજે-૨-ટી-૯૧૩૩ નંબરની ૪૦૭ મીનીટ્રક પર ટ્રાફીક પોલીસને શંકા જતા ઉભી રાખવામાં આવી હતી. અંદરના ભાગે ત્રણ ભેંસો અને એક પાડાને બાંધવામાં આવ્યા હતા. પરંતુ પરમીટ વગર હેરાફેરી કરવી એ ગુનો બને છે. તે સંદર્ભે ત્યાં ફરજ પર રહેલા ટ્રાફીક પોલીસ નિકુલભાઈ શુકલએ મીનીટ્રકના ચાલક વિજય મણીલાલ સોલંકી, અબ્દુલ ગુલાબભાઈ સિથાઈ તથા સરીફાબીબી અબ્દુલભાઈ સિપાઈને સેક્ટર-૭ પોલીસને સોંપવામાં આવ્યા હતા.

પોલીસે ત્રણેય શખ્સોની કડક પુછપરછ કરી હતી. પોલીસ દ્વારા રૂ. ૫૦ હજારની કિંમતના ચાર પશુ અને ૪૦૭ મીનીટ્રક સહિત કુલ રૂ. બે લાખની મત્તા જપ્ત લઈને કાયદેસરની કામગીરી હાથ ધરી છે. જ્યારે પશુઓને પેથાપુર ખાતેના પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા.

જિલ્લામાં ત્રણ પીએસઆઈની આંતરીક બદલી : એસઓજીમાં પી.આઈ.ની નિમણુંક

ગાંધીનગર, તા. ૨૯

અમદાવાદ કાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા પી.આઈ. ભરત પટેલની બદલીના ઓર્ડર બાદ આજે ગાંધીનગર જિલ્લામાં હાજર થયા હતા. ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. તરીકે તેમની નિમણુંક જિલ્લા પોલીસ વડાએ કરી છે. તે ઉપરાંત એસ.પી. શરદ સિંઘલે જિલ્લામાં ત્રણ પી.એસ.આઈ.ની આંતરીક બદલીના ઓર્ડર પણ જારી કર્યા છે. જેમાં સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરજ બજાવતા પી.એસ.આઈ. ઉત્સવ બારોટને ગાંધીનગર એલ.સી.બી.માં, અડાલજ પોલીસ મથકમાં ફરજ બજાવતા પી.એસ.આઈ. એચ. આર. કુવાડીયાને પેથાપુર પોલીસ મથકમાં અને પેથાપુર પોલીસ મથકમાં ફરજ બજાવતા પી.એસ.આઈ. એ.ડી. ગોહીલને અડાલજ પોલીસ મથકમાં બદલીના ઓર્ડર આપવામાં આવ્યા છે.

ચાલુ બાઈકે મોબાઈલ પર વાત કરવાની સજા સ્વરૂપે યુવકને માતાનું મૃત્યુ મળ્યુ !

બાઈક પર જઈ રહેલા માતા-પુત્રનો નારદીપુર પાસે કવોલીસ સાથે અકસ્માત

કલોલ, તા.૨૯

કલોલના નારદીપુરથી રૂપાલ તરફ બાઈક પર રોંગ સાઈડ જઈ રહેલા યુવાનને ચાલુ બાઈકે મોબાઈલ પર વાત કરવાની સજા સ્વરૂપે માતાનું મૃત્યુ મળ્યું છે. માતાને બેસાડીને બાઈક પર લઈ જઈ રહેલો પુત્ર મોબાઈલ પર વાત કરતાં કરતાં રોંગ સાઈડે જઈ રહ્યો હતો ત્યારે સામેથી આવતી કવોલીસ ગાડીમાં ધડાકા સાથે બાઈક ઘુસાડી દેતા બાઈકસવારની માતાનું કરૂણ મોત નિપજયું હતું. જયારે બાઈક ચાલક પુત્રને પણ ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. કલોલ તાલુકા પોલીસે બાઈક ચાલક પુત્ર વિરૂધ્ધ ગુનો દાખલ કરી સઘન તપાસ આરંભી છે.

મળતી માહિતી મુજબ વડુ ગામમાં રહેતા ૬૫ વર્ષીય વૃદ્ધા સમુબેન ભલાભાઈ રાવળ ગઈ કાલે સાંજે તેમના દિકરા સાથે બાઈકમાં રૂપાલથી નારદીપુર તરફ જવાના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતાં. દિકરો ચાલુ બાઈકે મોબાઈલ પર વાત કરી રહ્યો હતો અને રોંગ સાઈડમાં રિક્ષાની ઓવરટેક કરી સામેથી આવી રહેલી કવોલીસ ગાડી નં. જીજે ૭ આર ૨૨૮૪ના ચાલકે રોંગ સાઈડમાં આવતા બાઈક અને મોબાઈલ પર વાત કરતાં તેના ચાલકને જોઈને કવોલીસ ચાલકે બ્રેક મારી દીધી તેમ છતાં બેધ્યાન બાઈકચાલકે કવોલીસમાં પોતાનું બાઈક ઠોકી દેતા બાઈકમાં સવાર માતા-પુત્ર બંને ગંભીર રીતે ઘવાયા હતાં.

જેમાં વૃદ્ધા માતાનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે પુત્ર સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો છે. કલોલ તાલુકા પોલીસ મથકના પી.એસ.આઈ. એચ.એલ. સોલંકી તથા જમાદાર પ્રવિણસિંહ સિસોદીયાએ બેદરકારી ભર્યું બાઈક હંકારવા બદલ બાઈકચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરી સઘન કાર્યવાહી શરુ કરી છે.

જુનિયર સિટીઝન્સ કાઉન્સીલ દ્વારા ૭મીએ અનામી મૃતકોની શ્રાદ્ધ વિધિ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના જુનિયર સિટીઝન્સ કાઉન્સીલના ઉપક્રમે સમર્થ પ્રાગદાસ બાપા ગોદડીયાની રામવાડી-જૂનાગઢ રામમઢીના સૌજન્યથી તા. ૭મી ઓક્ટોબર-૨૦૧૨ને રવિવારે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન ૨૪ અનામિ મૃતકોની અંતિમ વિધિની પ્રવૃત્તિના અનુસંધાને પરંપરા અનુસાર ગાયત્રી મંદિર, સેક્ટર-૧, ગાંધીનગર ખાતે અનામિ મૃતકોના મોક્ષાર્થે શ્રાદ્ધવિધિ અને શ્રી સત્યનારાયણ ભગવાનની કથા કરવામાં આવશે.

પ્રમુખ કમલ ચૌધરીએ આ પ્રસંગે જણાવ્યું છે કે, મુક બધીર શાળાના બાળકો, ઓબ્જર્વેશન હોમના બાળકો, અંધજન શાળાના બાળકો, મદંબુદ્ધિના બાળકો, કચ્છ ભૂકંપના અનાથ બાળકો, એચ.આઈ.વી. અસરગ્રસ્ત અનાથ બાળકો, ડભોડા ભિક્ષુક ગૃહ અસ્થિર મગજની બહેનો, વૃદ્ધાશ્રમના વૃદ્ધોને કથાના અંતે ભોજનથી તૃપ્ત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મંત્રી કેતન ધોળુ, ખજાનચી મેહુલ શાસ્ત્રી તથા સમરત કારોબારી સભ્યો ખાસ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવશે.

સગીરા પર બળાત્કાર ગુજારવાના કેસમાં આરોપીને ૭ વર્ષની કેદ

ગાંધીનગર, તા.૨૯

માણસા તાલુકાના રીદ્રોલ ગામની સગીરા પર બળાત્કાર ગુજારવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૭ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા. ૨૦ એપ્રિલ વર્ષ ૨૦૧૧ના રોજ વિજાપુર તાલુકાના છોટાપુરા ખણુસા કોટડી ગામમાં રહેતા આરોપી બાબુસિંહ ઉર્ફે મુન્નો બળદેવજી ઠાકોરે માણસા તાલુકાના રીદ્રોલ ગામમાંથી ૧૫ વર્ષની સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કર્યું હતું. સગીરાને લઈ જઈ આરોપીએ તેની પર બળાત્કાર ગુજાર્યો હતો.

બનાવ સંદર્ભે માણસા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ ગાંધીનગરની એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી. વ્યાસે દલીલો કરી હતી. તેમણે કોર્ટ સમક્ષ રજૂઆતમાં જણાવ્યું હતું કે સમાજમાં દિન-પ્રતિદિન બળાત્કારના ગુન્હાઓનું પ્રમાણ વધ્યું છે ત્યારે આવા કિસ્સામાં આરોપીને સમાજમાં દાખલો બેસે તેવી સજા થવી જોઈએ. સરકારી વકીલની દલીલો અને પુરાવાને ધ્યાને લઈ એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્જ જજ એસ.કે. બક્ષીએ આરોપીને તકસીરવાર ઠરાવી ૭ વર્ષની સખત કેદની સજા તથા રૂ. ૫ હજાર દંડ ભોગવવા હુકમ કર્યો છે.

માણેકબા ગૌશાળાના બે પશુઓ રાજ્ય પશુધન હરિફાઈમાં વિજેતા બન્યા

ગાંધીનગર, તા. ૨૬

રાજ્ય સરકાર દ્વારા આયોજીત લોક પ્રસિદ્ધ તરણેતરના મેળામાં, રાજ્ય પશુધન હરિફાઈમાં રાજયભરના પશુપાલકો ગૌશાળાઓએ ભાગ લીધો હતો. વિશાળ લોક મેળામાં શ્રેષ્ઠ પશુઓનું પ્રદર્શન યોજાયું હતું જેમાં અડાલજની માણેકબા ગૌશાળાના એક ખૂંટનો પ્રથમ નંબર અને 'વોડકી'નો દ્વિતીય નંબર આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામે આવેલી માણેકબા ગૌશાળાના શુદ્ધ કાંકરેજ ઓલાદના સાંઢને રાજ્ય પશુધન હરિફાઈમાં રાજ્યકક્ષાનું ૧૧,૦૦૦ રૂ.નું પ્રથમ ઈનામ પ્રાપ્ત થયુંહતું. તથા કાંકરેજ ઓલાદની ગાયોના વોડકી વિભાગમાં આ જ ગૌશાળાની વોડકીઓને રાજ્યકક્ષાનું ૮૦૦૦ રૂ.નુંદ્વિતીય ઈનામ તથા ગાયને ૨૪૦૦ રૂ.નું પ્રોત્સાહન ઈનામ મળ્યું હતું.

ગાંધીનગર જિલ્લાના અડાલજ ગામે, શ્રીમતી માણેકબા વિનય વિહાર શિક્ષણ સંસ્થા અંતર્ગત છેલ્લા ૫૦ વર્ષથી આ ગૌશાળા ચાલે છે. ભારતીય કૃષિ સંસ્કૃતિ અને ગો-સંસ્કૃતિને અનુરૂપ આ ગૌશાળા શુદ્ધ કાંકરેજી ઓલાદના ગો-પશુધનના ઉછેર અને સંવર્ધનનું કાર્ય કરી રહી છે. ગૌશાળામાંથી કાંકરેજ ઓલાદની ગાયો, વાછરડા, વાછરડીઓ મેળવે છે અને આમ આ રીતે સંસ્થા ગોસંવર્ધન અને વિસ્તરણનુંકાર્યપણ કરી રહી છે. શુદ્ધ કાંકરેજ ઓલાદના ઉછેર માટે ગાયોનો પેડેગ્રી-ડેટા (આનુવંસિક દફતર) નિભાવવામાં આવે છે.

હાલ આ ગૌશાળામાં ૧૭૦ જેટલું કાંકરેજ પશુન છે. કાંકરેજ ગાયનું દૈનિક સરેરાશ દૂધ ઉત્પાદન ૨ થી ૩ લીટરનું હોય છે. જેની સામે આ ગૌશાળાની ગાયોનું દૈનિક સરેરાશ દૂધ ઉત્પાદન ૬.૫ થી ૭ લીટરનું છે. જે કાંકરેજ ઓલાદ માટે આદર્શરૂપ ગણાય છે. આ ગૌશાળાને અગાઉ દૂધ ઉત્પાદન માટે રાષ્ટ્રીય કક્ષાએ તેમજ રાજ્ય કક્ષાએ પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે. ગૌશાળાની ગાયોનું દૂધ સર્વપ્રથમ અડાલજ સંસ્થાના છાત્રાલયની તાલીમાર્થી બહેનો, સંસ્થા પરિવારો તથા ભગીનીસંસ્થા સી.એન. વિદ્યાલય અમદાવાદના છાત્રાલયના વિદ્યાર્થીઓ સંસ્થા પરિવારોને અપાય છે. આદર્શ ગૌશાળા તરીકે અનેક પશુપાલકો, સંસ્થાઓ, પશુપ્રેમીઓ ગૌશાળાની મુલાકાતે આવે છે.

શબ્દાવલી - ૪૮૫૭



આડી ચાવી

૧. વૃષણનો એક રોગ (૫)
૪. વાંચી ના શકાય તેવું (૩)
૬. ઘેટાની જેમ એકની પાછળ એક ચાલ્યા જવું તે (૭)
૯. ડફલી, એક વાદ્ય (૨)
૧૦. ફજેતફાળકો (૪)
૧૧. રક્ષક, મદદગાર (૨)
૧૩. નીચુ માથુ રાખી (૫)
૧૭. નોકરીમાંથી છૂટા થવા રાજી ખુશીથી આપેલ અરજી કે લખાણ (૪)
૨૦. આવે તે આવક જાય તે... (૩)
૨૧. શાશ્વત, અવિનાશી (૪)
૨૨. 'ડૉન' શબ્દ ઊંધો (૨)

ઊભી ચાવી

૧. ભૂત વગેરે વળગવું તે (૪)
૨. પાણીમાં થતાં વમળો (૩)
૩. વાંચી શકાય તેવું (૨)
૪. સ્તબ્ધ (૩)
૫. વાંસ (૩)
૭. ગધેડાને આનાથી મરાય (૩)
૮. પ્રચાર પામેલું (૪)
૧૧. બે જોડ (૪)
૧૨. રાજવંશીઓને ગુજરાન માટે આપેલી જમીન (૩)
૧૪. મસ્તી (૨)
૧૫. સ્તોત્ર (૩)
૧૬. ટૂકડો (૩)
૧૮. ... યહાં મરના યહાં... (૨)
૧૯. સમાજ, ન્યાત (૨)

શબ્દાવલી ૪૮૫૬ના જવાબ

આડી ચાવી :- (૧) અવતાર (૪) સમીપ (૬) ફરાર (૭) મજા (૮) વરાધ (૯) રાવ (૧૦) નખ (૧૨) ચોરપોલીસ (૧૩) ટસર (૧૫) પરાગ (૧૬) અંજુમન (૧૯) ગડીબંધ (૨૦) સ્તર

ઊભી ચાવી :- (૧) અફલાતૂન (૨) વરા (૩) તારવણી (૪) સજા (૫) પરવરીશ (૭) મધખર (૧૧) ખટરાગ (૧૨) મસ્ત (૧૪) સગડી (૧૬) અંધ (૧૭) મસ્ત (૧૮) નર

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૧
સૂર્યાસ્ત : ૬.૩૨

તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે. લઘુત્તમ : ૨૩.૮ ડિ.સે.
મોસમ કુલ વરસાદ : ૭૦૭ એમ.એમ.

ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૪૭ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
રેસીડેન્ટ ઈવીલ (હિન્દી) : ૧૦.૩૦, ૫.૩૦
કમાલ ધમાલ માલામાલ : ૧૨.૦૦, ૨.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
રેસીડેન્ટ ઈવીલ (હિન્દી) : ૧૨.૦૦, ૨.૦૦, ૭.૪૫
હિરોઈન : ૩.૪૫
ઓહ ! માય ગૉડ : ૯.૩૦

: સ્ક્રીન-૪ :
કમાલ ધમાલ માલામાલ : ૧૦.૦૦
બર્ફી : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦
હિરોઈન : ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઓહ ! માય ગૉડ : ૯.૦૦, ૬.૦૦, ૧૦.૩૦
રેસીડેન્ટ ઈવીલ પઃ રેટ્રીબ્યુશન ૩ડી(હિન્દી) : ૧૧.૩૦, ૪.૧૫, ૮.૩૦

: સ્ક્રીન-૨ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

: સ્ક્રીન-૩ :
કમાલ ધમાલ માલામાલ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
બર્ફી : ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦
હિરોઈન : ૭.૧૫
કમાલ ધમાલ માલામાલ : ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ઓહ ! માય ગૉડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
કમાલ ધમાલ માલામાલઃ ૧૦.૩૦, ૧૦.૩૦
ઓહ ! માય ગૉડ : ૧.૩૦, ૪.૧૫, ૭.૩૦

: સ્ક્રીન-૨ :
ઓહ ! માય ગૉડ : ૧૦.૪૫, ૧૦.૧૫
કમાલ ધમાલ માલામાલઃ ૨.૦૦, ૪.૩૦, ૭.૧૫

: સ્ક્રીન-૩ :
હિરોઈન : ૧૦.૩૦, ૪.૦૦, ૧૦.૦૦
બર્ફી : ૧.૧૫, ૭.૦૦

ચિરાગ, કલોલ

કમાલ ધમાલ માલામાલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

- ગાંધીનગર ગુજરાતી કૅથલિક પરિવાર દ્વારા સમાજિક કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.
- ગાંધીનગર નિવાસી સમસ્ત વણકર સમાજ દ્વારા સમાજિક કાર્યક્રમ સાંજે ૯.૦૦ કલાકે.

ટાઉન હોલ

- મહાવીર જૈન આરાધના કેન્દ્ર દ્વારા કાર્યક્રમ સવારે ૯.૦૦ કલાકે.
- સૌરાષ્ટ્ર કચ્છ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે ભજન સંધ્યા.

સામાજિક

- ગાંધીનગર સેક્ટર-૭ડી શહેરીજન સંસ્થાન અને ગાંધીનગર નિવૃત અધિકારી મંડળ દ્વારા ડીરેકટરી-૨૦૧૨નું વિમોચનનો કાર્યક્રમ ચૌધરી શાળા હોલ ખાતે સાંજે સાંજે-૪ કલાકે.

આપની આજ

મેષ : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

વૃષભ : આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

મિથુન : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર-વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

કર્ક : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

સિંહ : વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

કન્યા : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

તુલા : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે.

વૃશ્ચિક : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

ધન : કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકે છે.

મકર : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કુંભ : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

મીન : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

ચિરવિદાય

- સ્વ. મોહનભાઈ બબાભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૮૩) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સતાજી શીવુજી વાઘેલા (ઉ.વ. ૯૦) મુ.પો. પિંડારડા, તા., જિ. ગાંધીનગર.